




**IPL 2026** આજની મેચ GT Vs RCB ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: અમદાવાદ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| PBKS | 8 | 6 | 1 | 1 | 13 | 1.043 |
| RCB | 8 | 6 | 2 | 0 | 12 | 1.919 |
| RR | 9 | 6 | 3 | 0 | 12 | 0.617 |
| SRH | 8 | 5 | 3 | 0 | 10 | 0.815 |
| GT | 8 | 4 | 4 | 0 | 8 | -0.475 |
| CSK | 8 | 3 | 5 | 0 | 6 | -0.121 |
| DC | 8 | 3 | 5 | 0 | 6 | -1.060 |
| KKR | 8 | 2 | 5 | 1 | 5 | -0.751 |
| MI | 7 | 2 | 5 | 0 | 4 | 0.736 |
| LSG | 8 | 2 | 6 | 0 | 4 | -1.106 |

# મુંબઈ ઈન્ડિયન્સનો હૈદરાબાદ સામે 243 રનનો વિશાળ સ્કોર

**રિકલ્ટનની** અણનમ 123 રનની તોફાની ઇનિંગ



મુંબઈ, તા. 29 (પીટીઆઈ): વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી 'કરો યા મરો' સમાન અત્યંત મહત્વની IPL મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે 20 ઓવરમાં 5 વિકેટે 243 રનનો વિશાળ સ્કોર નોંધાવ્યો છે. આ સીઝનમાં મુંબઈનો આ અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર છે.

આ શાનદાર સ્કોરમાં રિયાન રિકલ્ટનની તોફાની સદીનું મુખ્ય યોગદાન રહ્યું. રિકલ્ટને મેદાન પર આક્રમક રમત દાખવતા માત્ર 55 બોલમાં 10 ચોગ્ગા અને 8 છગ્ગાની મદદથી અણનમ 123 રન ફટકાર્યા હતા. આ મુંબઈ ઈન્ડિયન્સના ઈતિહાસની સૌથી ઝડપી સદી બની ગઈ છે.

## રિકલ્ટને મુંબઈ માટે સૌથી ઝડપી સદી ફટકારી

રિકલ્ટન મુંબઈ માટે 44 બોલમાં સૌથી ઝડપી સદી ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો આ પહેલાં આ રેકોર્ડ સનથ જયસૂર્યાના નામે હતો જેણે 45 બોલમાં મુંબઈ માટે સદી ફટકારી હતી.

તેને અન્ય બેટ્સમેનોનો પણ સારો સાથ મળ્યો. ઓપનર વિલ જેક્સે 22 બોલમાં 46 રન બનાવ્યા, જ્યારે કેપ્ટન હાર્દિક પંડ્યાએ 15 બોલમાં 2 ચોગ્ગા અને 2 છગ્ગા સાથે 31 રનની આક્રમક ઈનિંગ રમી. રિકલ્ટન અને જેક્સની નવી જોડીએ પ્રથમ 7 ઓવરમાં જ 93 રનની શાનદાર ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી.

બીજી તરફ, સૂર્યકુમાર યાદવ ફરી એકવાર નિષ્ફળ રહ્યો અને માત્ર 5 રન બનાવી એશાન મલિંગાનો શિકાર બન્યો હતો. નમન ધીરે 22 રનનું યોગદાન આપ્યું હતું. દરમિયાન, ટીમના એક સપોર્ટ સ્ટાફ મેમ્બરની પુત્રીના દુઃખદ નિધનને કારણે મુંબઈના તમામ ખેલાડીઓ મેદાન પર શ્રદ્ધાંજલિ રૂપે કાળી પટ્ટી બાંધીને રમવા ઉતર્યા હતા.

| મુંબઈ ઈન્ડિયન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જેક્સ કો ઈશાન બો નીતીશ | 46 | 22 | 5 | 3 |
| રિકલ્ટન | 123 | 55 | 10 | 8 |
| સૂર્યકુમાર કો અભિષેક બો મલિંગા | 5 | 5 | 1 | 0 |
| નમન કો દુબ બો હિંગે | 22 | 17 | 3 | 0 |
| હાર્દીક કો ક્લાસેન બો સાકીબ | 31 | 15 | 2 | 2 |
| તિલક કો નમન બો હિંગે | 7 | 5 | 0 | 1 |
| રોબિન મિંઝ અણનમ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 8 | | | |
| કુલ 20 ઓવરમાં 5 વિકેટે | 243 રન | | | |

**વિકેટ પતન:** 1-93, 2-110, 3-165, 4-221, 5-232

| બોલિંગ | | | | |
|---|---|---|---|---|
| પેટ કમિન્સ | 4 | 0 | 39 | 0 |
| પ્રફુલ હિંગે | 4 | 0 | 54 | 2 |
| એશાન મલિંગા | 4 | 0 | 29 | 1 |
| હર્ષ દુબે | 3 | 0 | 50 | 0 |
| સાકીબ હુસૈન | 3 | 0 | 39 | 1 |
| નીતીશ રેડ્ડી | 2 | 0 | 31 | 1 |

# ડ્રેસિંગ રૂમમાં ઈ-સિગારેટ પીતા ઝડપાયો રિયાન પરાગ

**વીડિયો** વાયરલ થતા સોશિયલ મીડિયા પર લોકોએ તેની ટીકા કરી

**વિવાદ** વકરતા BCCIએ પરાગ અને રાજસ્થાન રોયલ્સ પાસે ખુલાસો માગ્યો



નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ): રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગ એક નવા વિવાદમાં સપડાયો છે. પંજાબ કિંગ્સ સામેની મેચ દરમિયાન ડ્રેસિંગ રૂમમાં ઈ-સિગારેટ (વેપિંગ) પીતા પરાગના દ્રશ્યો ટીવી કેમેરામાં કેદ થઈ જતાં સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો છે.

ભારત સરકારે 2019થી ઈ-સિગારેટના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ લાદેલો છે, જેમાં એક વર્ષની જેલ અથવા 1 લાખ રૂપિયાના દંડની જોગવાઈ છે. આ ઘટના બાદ બીસીસીઆઈએ રિયાન પરાગ અને રાજસ્થાન રોયલ્સ પાસે ખુલાસો માંગ્યો છે.

આ ઘટના ત્યારે બની જ્યારે રાજસ્થાનની ટીમ 223 રનનો વિશાળ લક્ષ્યાંક સફળતાપૂર્વક પીછો કરી રહી હતી. લાઈવ બ્રોડકાસ્ટ દરમિયાન પરાગના આ દ્રશ્યો કેદ થતા જીતનો આનંદ ફીકો પાડી દીધો છે.

BCCI આ ઘટનાને માત્ર કાયદાકીય દ્રષ્ટિકોણથી જ નહીં, પણ 'પ્રોફેશનલ કોડ ઓફ કન્ડક્ટ'ના ભંગ તરીકે પણ જોઈ રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, હાઈ-પ્રોફાઈલ ટુર્નામેન્ટમાં ખેલાડી પાસેથી વ્યાવસાયિક આચરણની અપેક્ષા રાખવામાં આવે છે. અત્યારે આ બનાવની તપાસ થઈ રહી છે તપાસના અંતે તારણોના આધારે આગળની કાર્યવાહી થઈ શકે છે.

આ અગાઉ આઈપીએલ કેપ્ટનોની મીટિંગમાં ડ્રેસિંગ રૂમની પ્રાઈવસીનો મુદ્દો ઉઠ્યો હતો, પરંતુ આ પ્રકારની હરકતનો બચાવ કરવો મુશ્કેલ છે. આ સીઝનમાં રાજસ્થાન રોયલ્સનો આ બીજો વિવાદ છે; અગાઉ ટીમ મેનેજર રોમી ભિન્દરને ડગઆઉટમાં ફોન વાપરવા બદલ રૂ. 1 લાખનો દંડ થયો હતો. 24 વર્ષીય પરાગ અત્યારે ખરાબ ફોર્મ અને હવે આ વિવાદને કારણે ટીકાકારોના નિશાન પર છે.

# થોમસ કપ: આયુષ અને પ્રણોયની જીત છતાં ભારતનો ચીન સામે 2-3થી પરાજય

**લક્ષ્ય** સેન સિંગલ્સમાં જ્યારે સાત્વિક-ચિરાગની જોડી ડબલ્સમાં હારતા ભારતને મોટો આંચકો લાગ્યો



હોર્સેન્સ (ડેનમાર્ક), તા. 29 (પીટીઆઈ): થોમસ કપ ફાઈનલના ગ્રુપ-Aની અંતિમ ટાઈમાં ભારતે ચીન સામે 2-3થી હારનો સામનો કરવો પડ્યો છે. ભારતીય ટીમ પહેલેથી જ ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરી ચૂકી છે, પરંતુ આ હારને કારણે ટીમ ગ્રુપમાં બીજા સ્થાને રહી છે. હવે ક્વાર્ટર ફાઈનલમાં ભારતનો સામનો જાપાન સામે થવાની શક્યતા છે.

મેચની શરૂઆત ભારત માટે નિરાશાજનક રહી હતી. પ્રથમ સિંગલ્સમાં લક્ષ્ય સેન વિશ્વના 7 નંબરના ખેલાડી લી શી ફેંગ સામે 19-21, 21-8, 12-21 થી હારી ગયો હતો. ત્યારબાદ ડબલ્સમાં સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ લડાયક પ્રદર્શન કરતા 5 મેચ પોઈન્ટ બચાવ્યા હતા, પરંતુ અંતે 13-21, 21-13, 24-26થી પરાજય થયો હતો. ભારત 0-2થી પાછળ પડ્યા બાદ આયુષ શેટ્ટીએ શાનદાર વાપસી કરી વેંગ હોંગ યાંગને 17-21, 21-13, 21-15થી હરાવી સ્કોર 1-2 કર્યો હતો.

ડબલ્સ મેચમાં હરિહરન અમસાકરુનન અને એમ.આર. અર્જુનની જોડી 17-21, 13-21થી હારી જતાં ચીને 3-1 ની અજેય સરસાઈ મેળવી લીધી હતી. અંતિમ સિંગલ્સમાં અનુભવી એચ.એસ. પ્રણોયે લુ ગુઆંગ ઝુ સામે 20-22, 21-19, 21-11થી સંઘર્ષપૂર્ણ વિજય મેળવી હારનું અંતર ઘટાડ્યું હતું.

# શ્રીલંકન સરકારે ક્રિકેટ બોર્ડનો વહીવટ પોતાના હસ્તક લીધો

**નાણાકીય** ગેરરીતિઓના આક્ષેપો અને ટીમના નબળા પ્રદર્શન બદલ ટીકાઓનો સામનો કરી રહેલા અધ્યક્ષ સિલ્વાએ મંગળવારે રાજીનામું આપ્યું હતું




કોલંબો, તા. 29 (પીટીઆઈ): નાણાકીય ગેરરીતિઓના આક્ષેપો અને અધ્યક્ષ શમ્મી સિલ્વા સહિત સમગ્ર કાર્યકારી સમિતિના રાજીનામા બાદ શ્રીલંકા સરકારે ક્રિકેટ બોર્ડનો વહીવટ સંભાળવાનો નિર્ણય લીધો છે.

બોર્ડના અધ્યક્ષ શમ્મી સિલ્વા અને કાર્યકારી સમિતિના સભ્યોએ સામૂહિક રાજીનામું આપ્યા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસ્સાનાયકે સાથેની લાંબી ચર્ચા બાદ સિલ્વાએ મંગળવારે રાજીનામું આપ્યું હતું. શ્રીલંકાના રમતગમત મંત્રી સુનિલ કુમારા ગામગેએ રમત ગમત માટેના કાયદા હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને ક્રિકેટ બોર્ડના તમામ વહીવટી કાર્યો કામચલાઉ ધોરણે રમતગમત મંત્રાલયને સોંપ્યા છે.

બોર્ડ પર છેલ્લા ઘણા સમયથી નાણાકીય ગેરરીતિઓના ગંભીર આક્ષેપો થઈ રહ્યા હતા. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રીલંકન ટીમનું કથળતું પ્રદર્શન અને ખેલાડીઓ દ્વારા કરવામાં આવેલી ફરિયાદોને કારણે સરકાર માર્ચ 2026થી જ બોર્ડને બરખાસ્ત કરવાની તૈયારી કરી રહી હતી.

શમ્મી સિલ્વા 2019થી સતત સાત વર્ષ સુધી બોર્ડના અધ્યક્ષ રહ્યા હતા. તેઓ એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના અધ્યક્ષ તરીકે જય શાહના ઉત્તરાધિકારી પણ બન્યા હતા. હવે બોર્ડમાં માળખાકીય સુધારા કરવા માટે ટૂંક સમયમાં વચગાળાની સમિતિની નિમણૂક કરવામાં આવશે.

# બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ વચ્ચેની બીજી T20 મેચ વરસાદમાં ધોવાઈ



ચટગાંવ, તા. 29 (એપી): બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ વચ્ચે બીજી T-20 મેચ બુધવારે રમાવાની હતી પણ સતત વરસાદને કારણે તે રદ કરવામાં આવી હતી. વરસાદ બંધ થવાના કોઈ સંકેત ન દેખાતા, એક પણ બોલ ફેંક્યા વિના મેચ પડતી મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્રણ મેચોની આ શ્રેણીમાં બાંગ્લાદેશ અત્યારે 1-0થી આગળ છે. શ્રેણીની પ્રથમ મેચમાં બાંગ્લાદેશે છ વિકેટે શાનદાર વિજય મેળવ્યો હતો. હવે શ્રેણીની અંતિમ અને નિર્ણાયક મેચ શનિવારે મીરપુરમાં રમાશે. ઉલ્લેખનીય છે કે, T-20 શ્રેણી પહેલા રમાયેલી ત્રણ મેચોની વનડે શ્રેણી પણ બાંગ્લાદેશે 2-1થી જીતી લીધી હતી.

# આજે અમદાવાદમાં આત્મવિશ્વાસથી ભરપૂર RCB સામે ગુજરાતની કસોટી

**ટુર્નામેન્ટમાં** ટકી રહેવા માટે ગુજરાતને સાતત્યની જરૂર જ્યારે બેંગલુરુ વિજયી લય જાળવી રાખવા માગશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી



અમદાવાદ, તા. 29 (પીટીઆઈ): અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુરુવારે રમાનારી આઈપીએલ મેચમાં ગુજરાત ટાઈટન્સનો સામનો ફોર્મમાં ચાલી રહેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે. ટુર્નામેન્ટના મધ્ય તબક્કે ગુજરાતની ટીમ 8 મેચમાં 4 જીત અને 4 હાર સાથે પોઈન્ટ ટેબલમાં વચ્ચેના સ્થાને અટવાયેલી છે. બીજી તરફ, ડિફેન્ડિંગ ચેમ્પિયન RCB અત્યારે શાનદાર ફોર્મમાં છે અને તેણે 8 માંથી 6 મેચ જીતી છે. RCBની બોલિંગ લાઈન-અપમાં ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવુડની જોડીએ કહેર વર્તાવ્યો છે, જ્યારે કુણાલ પંડ્યા મધ્ય ઓવરોમાં પોતાની વિવિધતાથી બેટ્સમેનોને પરેશાન કરી રહ્યો છે.

ગુજરાત ટાઈટન્સ માટે સાઈ સુદર્શન, કેપ્ટન શુભમન ગિલ અને જોસ બટલર રન બનાવી રહ્યા છે, પરંતુ ટીમનું મધ્યમ ક્રમ અને ફિનિશર્સ હજુ સુધી અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શક્યા નથી. જેસન હોલ્ડરને મધ્યમ ક્રમમાં મજબૂતી આપવા માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે એક સપ્તાહ પહેલા જ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં RCBએ 206 રનનો લક્ષ્યાંક સરળતાથી પ્રાપ્ત કર્યો હતો. ગુજરાત માટે ચિંતાનો વિષય એ પણ છે કે તેઓ પોતાના હોમ ગ્રાઉન્ડ પર 3 માંથી 2 મેચ હારી ચૂક્યા છે.

## સુડોકુ ૬૫૧૦ - 'શ્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૯ | | ૮ | | | ૬ |
| | ૧ | | | ૪ | ૨ | ૫ | ૯ | ૩ |
| | ૯ | ૭ | | ૧ | | | ૮ | |
| | | | | | | ૬ | | |
| | ૬ | | ૮ | ૨ | | ૩ | ૪ | ૫ |
| | | | ૬ | | ૫ | | ૧ | ૭ |
| | | | | | | | | ૯ |
| ૭ | ૮ | | | | | ૨ | | ૧ |
| ૧ | ૨ | ૬ | ૫ | | ૯ | | ૩ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા


**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### અતિસાર

ફક્ત ઘરનો ખોરાક લો. ઉકાળેલું પાણી પીએ તો અતિસાર થી બચશો . તો પણ થાય તો ત્રણ ચમચી ઈસપગુલ ભૂસી સો ગ્રામ દહીંમા ભેળવી, સવાર, બપોર, સાંજ ખાવું.

## શબ્દગુંફન - ૭૨૦૮

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. કૃપણ, ગોપેન્દ્ર(૩)
૩. મુખ્ય સ્થાન (૩)
૫.ભેંસોનું ટોળું (૨)
૬.રચેલું બનાવેલું (૩)
૭.પ્રિય, વ્હાલું (૩)
૮.એક વાદ્ય (૩)
૧૦.આંટો, ફેરો(૩)
૧૧.સુંદર સ્ત્રી (૨)
૧૩.''હમ.... એક હૈ'' (૨)
૧૪.લાગો, કર..(૨)
૧૫.માવજત , સાચવણી (૩)
૧૭. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૧૮. ચીજ નમૂનો (૨)
૧૯. વૃક્ષોની લાંબી હાર (૪)
૨૧. ચેતતો .... સદા સુખી (૨)
૨૨. ચંચળ, અસ્થિર (૩)
૨૪. પારકું, અન્ય (૨)
૨૬. ગણેશ, ગજાનન (૪)
૨૮. ધનુષ્યની દોરી (૨)
૨૯. ન ગમવું તે , કંટાળો (૪)
૩૧. દાંત
૩૨. રાજા (૪)

**ઊભી ચાવી**

૧. દૂધ, દહીં વગેરે (૩)
૨. દુંખ પીડા (૩)
૩. હેતુ, આશય (૪)
૫. ચોરી ચાકરી (૩)
૯. રોપેલું (૩)
૧૨. માન માંગતી કે ગુમાની સ્ત્રી (૩)
૧૫. વિશ્વ, દુનિયા (૩)
૧૬.નવલું , નવાઇભર્યું (૩)
૧૭. રોજગાર (૨)
૧૮. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૨૦. દસ માથાવાળો લંકાનો રાજા (૩)
૨૧. પુરુષ (૨)
૨૩. પતિ (૩)
૨૪. વર, સ્વામી(૨)
૨૫. વિદાયગીરી (૪)
૨૬. ગમવું તે રૂચિ (૨)
૨૭. શુદ્ધ (૩)
૨૮. હઠ, જિદ (૨)
૨૯. ટોચ, છેડો(૨)
30 ચાલ, ઝડપ(૨)
૩૧. પ્રેમ, આનંદ (૨)



## અનુસંધાન... પાના પહેલાનું

### બંગાળમાં ઐતિહાસિક...

તેમની હાજરીએ સુરક્ષાબળો અને સમર્થકોમાં ભારે દોડધામ મચાવી દીધી હતી.

**SIR (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન) - ચૂંટણીનું સૌથી મોટું રહસ્ય**

આ ચૂંટણીમાં મતદાનની ટકાવારી આસમાને પહોંચવા પાછળનું એક મોટું કારણ 'SIR' પ્રક્રિયા માનવામાં આવે છે. ચૂંટણી પહેલા મતદાર યાદીના શુદ્ધિકરણ (SIR)માં રાજ્યભરમાંથી 90.83 લાખ નામો ડિલીટ કરવામાં આવ્યા હતા. મતદારોની કુલ સંખ્યા 7.66 કરોડથી ઘટીને 6.77 કરોડ થઈ ગઈ. જ્યારે છેદ નાનો થાય, ત્યારે મતદાનની ટકાવારી આપોઆપ ઊંચી દેખાય છે. ઉત્તર અને દક્ષિણ 24 પરગણા, મુર્શિદાબાદ અને કોલકાતા જેવા જિલ્લાઓમાં સૌથી વધુ નામો કાપવામાં આવ્યા છે, જ્યાં હાર-જીતનું અંતર ખૂબ ઓછું હોય છે.

**નબન્નાનો માર્ગ: કોણ જીતશે?**

દક્ષિણ બંગાળની 142 બેઠકો સત્તાનો રસ્તો નક્કી કરશે. 2021માં TMCએ આ વિસ્તારમાં 123 બેઠકો જીતી હતી. ભાજપ માટે જો 'નબન્ના' (સચિવાલય) સુધી પહોંચવું હોય તો આ ગઢમાં ગાબડું પાડવું અનિવાર્ય છે.

**EVM પર ટેપ મારવાના આક્ષેપો**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન હિંસક ઘટનાઓ અને ગંભીર આરોપો વચ્ચે સંપન્ન થયું છે. 142 બેઠકો પર રસાકસી જામી હતી, પરંતુ મેદાનમાં લોકશાહીની સાથે સંઘર્ષના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.

**EVM સાથે છેડછાડના આક્ષેપો**

**બટન પર ટેપ:** ડાયમંડ હાર્બરના ફાલતામાં ભાજપે આરોપ લગાવ્યો કે EVM માં તેમના પક્ષના બટન પર ટેપ લગાવીને તેને બ્લોક કરી દેવાયું હતું.

**શાહીના ડાઘ:** પાનીહાટીમાં ભાજપના બટન પર શાહીના ડાઘા જોવા મળ્યા હતા, જેને બાદમાં સેનિટાઈઝરથી સાફ કરવામાં આવ્યા હતા. ચૂંટણી પંચે ખાતરી આપી છે કે જ્યાં ફરિયાદો સાચી જણાશે ત્યાં ફરીથી મતદાન યોજાશે.

**છૂટીછવાઈ હિંસા**

ઉત્તર 24 પરગણાની અરવિંદ રેલીમાં TMC અને ભાજપના કાર્યકરો વચ્ચે લોહિયાળ જંગ ખેલાયો હતો. ભારે સુરક્ષાબળો હોવા છતાં બંને પક્ષોએ લાકડીઓ અને મુક્કાઓથી એકબીજા પર હુમલો કર્યો હતો. હાવડાના ઉદયનારાયણપુરમાં CRPF ના કથિત હુમલામાં એક વૃદ્ધનું મોત થયું હોવાનો TMC એ દાવો કર્યો છે. અભિષેક બેનર્જીએ આરોપ લગાવ્યો કે કેન્દ્રીય દળોએ વૃદ્ધને ધક્કો મારી મારપીટ કરી હતી, જેના કારણે હોસ્પિટલમાં તેમનું મોત થયું હતું.

### ઉત્તર ભારતમાં...

જ્યારે દિલ્હીમાં પણ હવામાનમાં પલટો જોવા મળ્યો હતો. એમ આઈએમડીના ડેટા દર્શાવે છે. ગરમ હવામાન હોવા છતાં દિલ્હીમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં સફદરજંગ ખાતે પારો 37 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહ્યો હતો, જે સામાન્ય કરતાં વધુ રહેતાં તાપમાનમાંથી મળેલી એક આવકારદાયક રાહત હતી. હવામાન નિષ્ણાતોએ પરિસ્થિતિમાં આ અચાનક ફેરફાર માટે દિલ્હીના નજીકના વિસ્તારોમાં સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને જવાબદાર ગણાવ્યું છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ મોડી સાંજ માટે એલર્ટ જાહેર કર્યું છે, જેમાં રાજધાનીમાં સામાન્ય રીતે વાદળછાયું આકાશ રહેવાની સાથે ગાજવીજ, વીજળીના કડાકા અને 30-40 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન અને 50 કિમી પ્રતિ કલાક સુધીના ઝાપટા સાથે અત્યંત હળવાથી હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. રસપ્રદ વાત એ છે કે, દિલ્હીવાસીઓએ આ વર્ષે એપ્રિલમાં હવામાનની વિવિધ સ્થિતિઓનું મિશ્રણ જોયું છે, જેમાં વરસાદના ઝાપટા, ભીષણ ગરમીનો પ્રકોપ અને ક્યારેક શુદ્ધ હવાની ગુણવત્તાવાળા દિવસો જોવા મળ્યા છે, જે તેને એક દાયકાથી વધુ સમયનો સૌથી ભીનો એપ્રિલ, સૌથી ઓછો પ્રદૂષિત અને તાજેતરના વર્ષોમાં સૌથી ઠંડા એપ્રિલ મહિનામાંનો એક બનાવે છે.

### બેંગલુરુમાં કુદરતનો...

કરતાં ઘણું ઓછું હતું. બેંગલુરુમાં બુધવારે ભારે વરસાદ, જળબંબાકાર અને મેટ્રો સેવાઓમાં વિક્ષેપને કારણે વ્યાપક ટ્રાફિક જામ જોવા મળ્યો હતો, જેનાથી કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફના રસ્તાઓ સહિતના મુખ્ય માર્ગો પર અવરજવરને ગંભીર અસર થઈ હતી. નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવાને કારણે મુખ્ય જંક્શન અને ધમધમતા માર્ગો પર ભારે ભીડ જોવા મળી હતી, જેના પગલે સત્તાવાળાઓને કેટલાક રસ્તાઓ આંશિક અથવા સંપૂર્ણપણે બંધ કરવાની ફરજ પડી હતી. બેંગલુરુમાં બુધવારે થયેલા મુશળધાર વરસાદને કારણે શિવાજીનગરની બૌરિંગ એન્ડ લેડી કર્ઝન હોસ્પિટલમાં દીવાલ ધરાશાયી થતા એક બાળક સહિત ઓછામાં ઓછા સાત લોકોનાં મોત થયાં છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના સાંજે 5.30 વાગ્યે બની હતી. તપાસમાં બહાર આવ્યું છે કે મૃતકોમાં મોટા ભાગના શેરી વિક્રેતાઓ (ફેરિયાઓ) હતા. અધિકારીઓને શંકા છે કે જ્યારે મોર્ચ્યુરી (શબઘર) નજીકની દીવાલ અચાનક ધરાશાયી થઈ ત્યારે તેઓ ત્યાં આશરો લઈ રહ્યા હતા.

### દિલ્હી હાઈકોર્ટમાં...

દેખાયો હતો. બે વાર પોર્ન વીડિયો ચાલ્યો અને ત્રીજી વાર મ્યુઝિક વીડિયો ચાલ્યો. કોર્ટમાં 100થી વધુ જાહેર હિતની અરજીઓ પર સુનાવણી થઈ રહી હતી. આ મામલો તે દરમિયાન જ સામે આવ્યો હતો.

### લંડનમાં યહૂદી...

ભયાનક કૃત્યના સ્થળની મુલાકાત લીધી હતી અને ખુલાસો કર્યો હતો કે ધરપકડ કરાયેલ વ્યક્તિ ગંભીર હિંસા અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓનો ઇતિહાસ ધરાવે છે. જ્યારે તેઓ પોતાનું નિવેદન આપી રહ્યા હતા ત્યારે ભીડ દ્વારા "શેમ ઓન યુ" (તમને શરમ આવવી જોઈએ)ના નારાઓ સાથે તેમનો વિરોધ કરવામાં આવ્યો હતો.

### દિલ્હી ડાયરી...

વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ નિર્દેશ આપતી વખતે હાઈકોર્ટે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં પણ આવા જ પગલાં લેવામાં આવ્યા હતા. થોડા દિવસો પછી, જ્યારે કેજરીવાલ પોતાની લેખિત રજૂઆત રેકોર્ડ પર મૂકવા માટે વર્ચ્યુઅલ રીતે કોર્ટમાં હાજર થયા ત્યારે પણ તે હાજરીની ક્લિપ્સ સોશિયલ મીડિયા પર દેખાઈ હતી.

# ચેમ્પિયન્સ લીગ સેમિફાઈનલ: PSGની બેયર્ન મ્યુનિખ સામે 5-4થી ઐતિહાસિક જીત

**9 ગોલ** સાથે ચેમ્પિયન્સ લીગના ઈતિહાસની આ સૌથી વધુ સ્કોરિંગ સેમિફાઈનલ બની

**ક્વારાત્સ્ખેલિયા** અને ડેમ્બેલેના બે-બે ગોલની મદદથી PSGએ મેળવી સરસાઈ



પેરીસ, તા. 29 (એપી): પેરિસમાં રમાયેલી ચેમ્પિયન્સ લીગની પ્રથમ સેમિફાઈનલમાં પેરિસ સેન્ટ-જર્મેનએ (PSG) બેયર્ન મ્યુનિખને 5-4થી હરાવીને ચેમ્પિયન્સ લીગ ઈતિહાસની સૌથી વધુ સ્કોરિંગ સેમિફાઈનલ મેચ નોધાવી છે.

મેચની શરૂઆતમાં હેરી કેને 17 મિનીટે પેનલ્ટી દ્વારા ગોલ કરીને બેયર્નને સરસાઈ અપાવી હતી, પરંતુ PSGના વિંગર ખ્વિચા ક્વારાત્સ્ખેલિયા અને ઓસ્માન ડેમ્બેલેએ બે-બે ગોલ ફટકારીને સ્કોર 5-2 કરી દીધો હતો. જોકે, બેયર્ન મ્યુનિખે શાનદાર વાપસી કરી હતી. દાયો ઉપામેકાનો અને લુઈસ ડિયાઝના ગોલની મદદથી બેયર્ન સ્કોર ઘટાડીને 5-4 સુધી લઈ આવ્યું હતું.

મેચ દરમિયાન પેનલ્ટીના નિર્ણયને લઈને વિવાદ પણ થયો હતો, જેમાં આલ્ફોન્સો ડેવિસના હેન્ડબોલ બદલ PSGને પેનલ્ટી મળી હતી. હેરી કેને આ ટુર્નામેન્ટમાં પોતાનો 13મો ગોલ નોંધાવ્યો હતો, જે કિલિયન એમબાપ્પેના 15 ગોલથી માત્ર બે ડગલાં દૂર છે. PSGના કોચ લુઈસ એનરિકે આ મેચની તીવ્રતાના વખાણ કર્યા હતા, જ્યારે બેયર્નના કોચ વિન્સેન્ટ કોમ્પનીએ આવતા અઠવાડિયે મ્યુનિખમાં રમાનારા બીજા લેગમાં વળતો પ્રહાર કરવાની તૈયારી બતાવી છે. હવે બધી નજર બુધવારે મ્યુનિખમાં રમાનારી મેચ પર છે, જ્યાં ફાઈનલની ટિકિટ નક્કી થશે.

## આજનું પંચાંગ

**તા. 30/04/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ
**તિથિ:** સુખ ચૌદસ: 21:13, શ્રી નૃસિંહ જયંતી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ: 10
**યોગ :** વ્રજ **કરણ:** ગર **નક્ષત્ર :** ચિત્રા: 26:17
**રાશિ:** કન્યા (પ,ઠ,ણ) 13:16 પછી તુલા (ર.ત.)
**દિવસ :** અશુભ - શ્રી આદ્યશંકરાચાર્ય કૈલાસ ગમન, બુધમેષમાં : 06:53 થી
**સુરતમાં સૂર્યોદય :** 06:10 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:01
**નવકારસી :** 06:58
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 19મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 જિલ્કાદ માસનો 12મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે 13:30થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** સરકારી કામમાં મદદ મળે. આરોગ્ય નરમ રહે. વિજાતિય આવેગ સાતવે. મિલન મુલાકાત થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** વિજાતિય મિત્રો સાથે ગેર સમજ પેદા થાય. પ્રેમમાં વિઘ્નો આવે. નોકરીમાં નવી જવાબદારી મળે.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરી-ધંધાર્થે પ્રવાસમાં મિલન મુલાકાત થાય. વડીલોના આરોગ્યના ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** સ્વભાવ ઉગ્ર અને લડાયક રહેશે. પ્રવાસમાં વિવાદ ટાળવો. મિત્રોની મદદથી નવા કામ મળે.

**સિંહ (મ,ટ,):** દલાલી, મોજશોખ અને માર્કેટીંગ જેવા કામ થાય. આવક વધે. ઘરમાં અશાંતિ રહે.

**કન્યા (પ,ઠ,ણ,):** બૌદ્ધિક કામ સફળ રહે. નવા રચનાત્મક વિચારો નવી દિશા ઊભી કરશે. પ્રવાસ થાય.

**તુલા (ર,ત,):** કોઇ પણ સંબંધી અને મિત્રો પર આંધળો વિશ્વાસ મુકવો નહીં. કોર્ટ, કચેરીમાં સાવધાન રહેવું.

**વૃશ્ચિક (ન,ય,):** આવક વધશે. સંતાન ચિંતા સતાવે. પ્રેમમાં નિરાશાનો અનુભવ થાય. નવા રોકાણથી ધીરજ રાખવી.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પરિવાર મિત્રો વડીલોનો સાથ મળે. નવા કામ મળે. દોડ-ધામ વધે. ઉપરીવર્ગ સાથે વિવાદ થાય.

**મકર (ખ,જ,):** નવા સંબંધો વિકસીત થાય. પ્રેમમાં વિવાહનો પ્રસ્તાવ આવે. ઇર્ષાળુથી નુકશાન થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ખાવા-પીવામાં સાવધાન રેહવું નોકરીમાં નવી જવાબદારી મળે. સરકારી કામમાં પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** રાજકારણમાં પ્રગતિ થાય. જાહેરજીવનમાં યશ મળે. રોજની આવક વધશે.

## કોઈ પણ સાલમાં 30 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી - ધંધામાં નવા ફેરફારથી નવી ટેકનોલોજીથી લાભ મળે. સ્થાન ફેર, નવી જવાબદારીથી કાર્યબોજ દોડ-ધામ વધશે. આર્થિક રીતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં ચડતી-પડતી રહે. સંતાનો અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉપર વર્ગ સામાજિક વડીલો અને પરિવારના સભ્યો સાથે ઘર્ષણ થાય. વધારાની આવક માટેની યોજના ચડતી પડતી રહે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશના કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. વારસા, જાયદાદ, જમીન વગેરેમાં વિઘ્નો આવશે. યાત્રા પ્રવાસ ધર્મ-કર્મ થાય. ફેબ્રુઆરી-માર્ચ તથા નવેમ્બર ડિસેમ્બર ગુરુ-શુક્ર, 3,12,21, 30 એ નવા કામ કરવાં જૂન-જુલાઈ, રવિ બુધવાર, 2,11, 20, 29 એ નવા કામ ટાળવાં. ગુરુવારના ઉપાય કરતાં રહેવું સોનેરી રંગનો ઉપયોગ કરતા રહેવું. લાલ રંગના ઉપયોગ ઓછો કરવો.